# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫ ૦૦૭.

(Re-Accredited 'B++'2.86 CGPA by NAAC)

## નોટિસ

## સેનેટ ચૂંટણીના વિવિધ વિદ્યાશાખાના સ્નાતક મતદાર વિભાગના મતદારોની રિન્યુઅલ નોંધણી / ડીગ્રી ધારકોની ફ્રેશ નોંધણી અંગે

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સેનેટની ચૂંટણીના વિવિધ વિદ્યાશાખાના સ્નાતક મતદાર વિભાગની મતદાર યાદીમાં સમાવેશ કરેલ મતદારો પૈકી જે મતદારોની નોંધણીની મુદ્દત તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ પુર્ણ થનાર છે તો તેવા મતદારોએ તેઓની નોંધણી રિન્યુ કરાવવા તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં રહેતા જે ડીગ્રી ધારકોએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી ડીગ્રી મેળવી હોય તેવા ડીગ્રી ધારકો અથવા સ્ટેટયુટ-૩(૩)માં દર્શાવેલ જોગવાઈ મુજબની યુનિવર્સિટીમાંથી ડીગ્રી મેળવી હોય તેવા ડીગ્રી ધારકોએ જો ફ્રેશ નોંધણી કરાવવી હોય તો તેવા ડીગ્રી ધારકોએ યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in પરથી સંબંધિત નોંધણીનું ફોર્મ મેળવીને નોંધણી ફોર્મમાં દર્શાવેલ વિગતો સંપુર્ણ ભરીને યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ સિન્ડિકેટ વિભાગમાં જરૂરી ચકાસણી કરાવી નોંધણીની લાગુ પડતી ફી હિસાબી વિભાગમાં જમા કરાવ્યેથી તેવા મતદારો / ડીગ્રી ધારકોની રિન્યુઅલ / ફ્રેશ નોંધણી તા. ૦૧-૦૧-૨૦૨૩ થી આગામી (૫) પાંચ વર્ષ માટે કરવામાં આવશે.

સ્ટેટયુટ-૪(૩)(એ)ની જોગવાઈ મુજબ તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ વિવિધ વિદ્યાશાખાઓના નોંધાયેલા સ્નાતકોની અરજી પ્રમાણેની તૈયાર કરેલી યાદીઓ તા. ૦૭-૦૧-૨૦૨૩ થી તા. ૩૧-૦૧-૨૦૨૩ સુધી યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in પર જોઈ શકાશે. આ યાદીમાં કોઈ સુધારો વધારો જણાય તો જે તે અરજદારે તેમની ઓળખના આધાર પુરાવા સાથે તા. ૩૧-૦૧-૨૦૨૩ સુધીમાં કુલસચિવશ્રી, વી.ન.દ.ગુ. યુનિવર્સિટી, સુરતને તે અંગે લેખિતમાં અરજી કરવાની રહેશે અને આ સુધારા અંગે મા. કુલપતિશ્રીનો નિર્ણય આખરી રહેશે.

| ક્રમ | નોંધણીનો પ્રકાર | ફોર્મ ફી | નોંધણી ફી | નોંધણી કરાવવાની છેવટની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | રિન્યુઅલ નોંધણી | ૩/- | ૫/- | ૧૪ ડિસેમ્બર ૨૦૨૨ |
| ૨ | ફ્રેશ નોંધણી | ૩/- | ૨૦/- | 30 નવેમ્બર ૨૦૨૨ |

નોંધ: (૧) સ્ટેટયુટ-૩(૩)(a) અને (b) અનુસાર કાયદા દ્વારા સ્થપાયેલી કોઈપણ ભારતીય યુનિવર્સિટીના સ્નાતકો તથા સ્ટેટયુટ-૩(૩)(c) અનુસાર સિન્ડિકેટે માન્યતા આપી હોય તેવા પરદેશની ગમે તે યુનિવર્સિટીના સ્નાતકો જેઓ સામાન્ય રીતે આ યુનિવર્સિટીના વિસ્તારમાં વસવાટ કરતા હોય તે ડિગ્રી ધારકોએ સ્ટેટયુટ-૪ (૨) અનુસાર મેજિસ્ટ્રેટ સમક્ષ અથવા તો જે.પી. સમક્ષ અથવા આ યુનિવર્સિટીની સેનેટના સભ્ય સમક્ષ પોતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિસ્તારમાં વસવાટ કરે છે તે અંગે જાહેરનામું (declaration) જરૂરી આધાર પુરાવા સાથે રજૂ કરવાનું રહેશે.

(૨) ફેકલ્ટી ઓફ ટેકનોલોજી ઈન્કલુડીંગ એન્જિનિયરીંગ તથા ફેકલ્ટી ઓફ એગ્રીકલ્ચર હેઠળની કોઈ પણ કોલેજ કે સંસ્થા વી.ન.દ.ગુ. યુનિવર્સિટી, સુરત સાથે સંલગ્ન નહીં હોય સદર વિદ્યાશાખાની પદવીઓ ધરાવનાર કોઈપણ વિદ્યાર્થીની નોંધણી કરવામાં આવશે નહીં.

તા. ૧૯/૧૦/૨૦૨૨

કુલસચિવ